# નિકોલ પોલીસ સ્ટેશન.અમદાવાદ શહેર.

## પ્રેસ નોટ

_નિકોલ પોલીસ જુગાર રમતા ૧૪ જુગારીઓને પકડી કિ.રૂ-૧૫,૭૦,૫૦૦/- નો મુદ્દામાલ કબજે કરી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નિકોલ પોલીસ સ્ટેશનની પોલીસ તા:૨૦/૦૭/૧૯

**આજરોજ તા.૨૦/૦૭/૧૯ નારોજ** મે. પોલીસ કમિશ્ નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્ નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્ નરશ્રી ઝોન-૫ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્ નરશ્રી 'આઇ' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા નિકોલ પો.સ્ટે નાઓની સુચનાથી ર ાફના સર્વેલન્સ પો.સ.ઇ એચ.વી.છાસટીયા તથા આસી.સબ.ઈન્સ રાજેન્દ્રસિંહ જશવંતસિંહ તથા હેડ.કોન્સ ગૌતમભાઈ હિરાભાઈ તથા અ.હે.કો નિતેષકુમાર મહેન્દ્રભાઈ તથા પો.કોન્સ મહાવીરસિંહ સાહેબસિંહ તથા પો.કોન્સ પરબતસિંહ નારસંગભાઈ તથા લોકરક્ષક દિનેશકુમાર હમીરભાઈ **તથા બીજા સ્ટાફ ના માણસો સાથે પો.ઇન્સ શ્રી નિકોલ નાઓની સુચનાથી પ્રોહી જુગારની બદી ડામવા સારુ નિકોલ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કલાક ૨૦/૧૫ વાગે નિકોલ "ડી" માર્ટ ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો.મહાવિરસિંહ સાહેબસિંહ તથા પો.કો.રજનીશકુમાર હરિભાઈ નાઓને સંયુકત ખાનગીરાહે બાતમી હકિકત મળેલ કે નિકોલ "ડી" માર્ટ રોડ, દેવસ્ય સ્કુલની પાસે, પ્રાર્થના એક્ઝોટીકા મ.નં-એફ/૩૦૪ ખાતે કેટલાક ઇસમો પૈસા પાનાથી હાર જીતનો જન્ના મન્ના નો જુગાર રમી રમાડે છે. વીગેરે બાતમી હકીકત આધારે રેઇડ કરી જુગાર રમતા** પવન S/o ગોરધનભાઈ પાંચાભાઈ ચૌહાણ ઉ.વ-૨૧ રહે:મ.નં-એફ/૩૦૪ પ્રાર્થના એક્ઝોટીકા દેવસ્ય સ્કુલની પાસે "ડી" માર્ટ રોડ નિકોલ અમદાવાદ શહેર +૧૩= ૧૪ દાવના નાણા રૂપીયા ૧૨,૩૦૦/-મળી આવેલ. તથા તમામ ઇસમોની અંગઝડતી તપાસ કરતા અંગજડતીના નાણા રૂપીયા ૫૫,૮૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧૨ જેની કિ.રૂ-૬૨,૪૦૦/- તથા, ફોર વ્હીલ વાહન નંગ-૦૩ જેની કિ.રૂ-૧૪,૦૦,૦૦૦/- તથા ટુ વ્હીલ વાહન નંગ-૦૨ જેની કિ.રૂ-૪૦,૦૦૦/- તથા ગંજીપાના મળી આવેલ જેની કિ.રૂ ૦૦/૦૦ તથા લાઈટ બિલ જેની કિ.રૂ-૦૦/૦૦ ગણી **કુલ્લે રૂપીયા ૧૫,૭૦,૫૦૦/-નો મુદ્દામાલ પંચનામા વીગતે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે**